૫૦૨ / ૩૩૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫]   (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૦૧)   [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય)**

**પ્ર. ૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'દીકરાને પણ ધન્ય છે ને બાપને પણ ધન્ય છે.'
૨. 'એ તો મહેમાન છે ! તેમને મૂકવા સારું જાઉં છું.'
૩. 'મેં જાણ્યું જે લૂગડું છે.'
૪. 'બળી તારી ચૂંદડી.'

**પ્ર. ૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૪

૧. લક્ષ્મીચંદ શેઠ
૨. સત્સંગી
૩. પરમચૈતન્યાનંદ સ્વામી (કોઈપણ બે પ્રસંગો લખો.)

**પ્ર. ૩. નીચેનામાંથી કોઈપણ બે ના કારણ આપીને સમજાવો. (સાત-આઠ લીટીમાં)** ૪

૧. મોટારામબાઈએ બલોયા ભાંગી નાખ્યા.
૨. ગલુજી ઘરવખરી સાથે વડથલ ગયા.
૩. સુંદરજી સુથારનો ગર્વ ગળી ગયો.
૪. પર્વતભાઈની વાત સાંભળીને સ્વરૂપાનંદ સ્વામીને શાંતિ થઈ.

**પ્ર. ૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૭

૧. કયા છ પ્રકારના મનુષ્યનો સંગ ન કરવો ?
૨. શ્રીજીમહારાજની કૃપાથી વિષ્ણુદાસ કેવી સ્થિતિને પામ્યા હતા ?
૩. શ્રીજીમહારાજે પ્રથમ મંદિર ક્યાં બાંધ્યું ?
૪. શ્રીજીમહારાજે પરમહંસો સહિત કોના કારજમાં ગયા ?





૫. 'રે શ્યામ તમે સાચું નાણું..' એ પદના રચયિતા કોણ છે ?
૬. શાસ્ત્રીજી મહારાજે લીંબડીના ઠાકોર સાહેબને શું કહ્યું ?
૭. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં ધર્મની વ્યાખ્યા શું કરી છે ?

**પ્ર. ૫. નીચેની 'સ્વામીની વાત' પૂરી કરો અને તેનું નિરૂપણ લખો.** ૫

આપણે તપાસ કરવો જે .....

**અથવા વચનામૃતનું નિરૂપણ લખો.**

વચનામૃત : ગઢડા પ્રથમ - ૮

**પ્ર. ૬. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડીઓ લખો.** ૮

૧. પ્રથમ તે ચિંતવન ............................... મન ભાવી વ્હાલા.
૨. અન્યક્ષેત્રે ................................................ ભવિષ્યતિ ॥
૩. પાજ ધર્મની .................................... છોગાળા રંગ છેલ.
૪. જેણે મહાપાપ ....................................... કેમ રહે જ તેવું.
૫. નિજાશ્રિતાનાં .............................. અખિલમઙ્ગલમ્ નઃ ॥

**(વિભાગ - ૨ પ્રાગજી ભક્ત)**

**પ્ર. ૭. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'આપે એને સેવાનું ફળ આપ્યું.'
૨. 'મને તો સ્વામી પંડે કહે તો જ માનું.'
૩. 'આ તમારા બાબુલા જેવા શિષ્યોમાં બંધાતા નહિ.'
૪. 'આ સાધુઓ મારો કેડો મૂકતા નથી. માટે એને ઠપકો દ્યો.'

**પ્ર. ૮. નીચેનામાંથી કોઈપણ એક વિષે કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૪

૧. પ્રાગજી ભક્તે રૂપિયાનું વરદાન ન સ્વીકાર્યું.
૨. પવિત્રાનંદ સ્વામીએ ભગતજી મહારાજને વિમુખ કરવાની પ્રતિજ્ઞા લીધી.
૩. ભગતજી મહારાજે મરેલું કૂતરું ઉપાડ્યું.

**પ્ર. ૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. એકાંતનું સુખ
૨. ગુરુવચને ચૂરેચૂરા
૩. 'અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે.'

**પ્ર. ૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **૭**

૧. પ્રાગજી ભક્ત નદીના પટમાં બેસી બાળમિત્રોને શું કહેતા ?
૨. ગુણાતીતાનંદ સ્વામીએ જ્ઞાનની પ્રાપ્તિ માટે કઈ શરત પ્રાગજી ભક્તને કહી ?
૩. ભગતજી મહારાજે કેટલા આંબાને કેટલા કેટલા દેગડા પાણી પાયું ?
૪. વરતાલમાં હરિકૃષ્ણ મહારાજે ગિરધરભાઈને દર્શન દઈને શું કહ્યું ?
૫. બેચર ભગતને દીક્ષા આપી શું નામ પાડ્યું ?
૬. ગુણાતીતાનંદ સ્વામી સૌ પ્રથમ પ્રાગજી ભક્તને જોઈ શું બોલ્યા ?
૭. ભગતજી મહારાજનો જન્મ ક્યારે થયો ?

**પ્ર. ૧૧. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં)** **૪**

૧. જૂનાગઢમાં અપૂર્વ સન્માન
૨. પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું
૩. વાંસદાના દીવાનને સત્સંગ

**(વિભાગ - ૩ 'સત્સંગ પ્રવેશ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર. ૧૨. નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.** **૧૫**

૧. લખુ ચારણને વરદાન

**અથવા**

નીલકંઠે આપેલ પોતાની વાણીને શાપ.

૨. ભગતજી મહારાજનો યજ્ઞપુરુષદાસજી પ્રત્યે પક્ષપાત

**અથવા**

ઠાકરિયો વીંછી - શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી

૩. જોબનપગીનું પરિવર્તન

**અથવા**

દૂબળી ભટ્ટ

✿ ✿ ✿